... નીચે જઈ દેરાણો. ભોજો ભગત કહે
ના પસ્તાણોરે મુ. ૩.

ચાબખો ૮.

સુરખો મોહી રહ્યો મારૂરે. તેમાં કાંઇએ નથી તારૂં. ટેક, સાત સાયર જેની ચોકી કરતાં, ફરતુ નીર ખારૂ; ચૌદ ચોકડીનુ રાજ ચાલ્યુ ગયું રાવણાદિક વાળુરે. મુ. ૧. દુખને તો કોઇ દેખે નહી, સુખ લાગે સારૂ, વેળાવેળાની છાંયડી તારી, વણસી જાશે વારૂરે. મુ. ૨. હરિ ભજનમાં હેતજ રાખો; સમરણ કરો સારૂ; ભોજો ભગત કહે રાખો રૂદેમા, પ્રભુનું ભજન પ્યારૂરે મુ. ૩

ચાબખો ૯.

ભગતી શીશ તણું સાટુરે, આગળ વસમી વાટુ-ટેક. એક દિવસ તે આવી બની, રાજા મુરધ્વજને માથે; કાશીએ જઇને કરવત મુકાવ્યું, હરીજનને હાથેરે. ભગતી. ૧. સત્યને કાજે ત્રણુ વેચાયા, રોહી દાસને રાણી, રૂશીને વાસ્તે રાજા વેચાણા ભરવાને પાણીરે. ભગતી. ૨. પહેરો પટોળાં પ્રેમનારે તમે, શુરવીર થઈચાલો; ભોજો ભગતકહે ગુરૂ પ્રતાપે અમરાપર મહાલોરે ભગર.

ચાબખો ૧૦.

દુનિઆં દિવાની કહેવાશેરે, ભુંડી ભાંતોમાં ભટકાસે—ટેક પાપ એનું જ્યારે પ્રગટ થાશે ત્યારે ભુવા જતી ઘેર જાશે; ધુણી ધુણી એતી ડોકજ દુખસે, ને લેનારો લઈ ખાશેરે. સ્વર્ગમાં નથી સુપડુંને ખાંડણી આને ઘંટી દુધ ચોખાના તતે જમનારા તમે કેમ કરી જમશો બંટીરે દુ. ૨ ઢોંગ કરીને ધુતવાને આવે ત્યારે, હાથબતાવા જાશે; કયારે આના કામનુ પાનુરે ફરશે, અને કયારે પુત્રજ થાશે, દુ, ૩ ઢોંગીઆગર કોઇ આવી મળે, ત્યારે ધનને વાસ્તે ધાશે; ભોજો ભગત કહે ભ્રમણમાં ભમતા.ગાંઠની મૂડી ગુમાશે દુ. ૪

ચાબખો ૧૧.

મુરખની દાઢી થઇ ધોળી, રૂદીઆમાં નહી જોયું ખોળી—ટેક ખાડ વાઢીને ભેળું કર્યુંપણુ હાથનરહી કોળી;વેચ્યા ટાણેવેચાયુ નહી,પછી પીઠપડી ભોળીરે, મુરખ ૧. બગલો થઈને આરે બેઠો, ચાચ કરી પોહોળીરે, બગલો

...રેથી કાંઇ આહાર મળ્યો નહી દરીઆ
દેતી જેવો મોલ પાકયોને તેમાં પડીઆ કોળી; ...
... શું ખાશે ચોળીરે. મુ. ૩. ચારતાં ચારે ચકનો ઝડનો, ... લાગ
... ભોજો ભગત કહે ત્રણ ચાર લાગશે, તાર તરવારને ગોળીરે મુ. ૪

ચાબખો ૧૨

મન ચડયું મોટપને બાજેરે પ્રભુ એ વેગા કેમ ચાલે-ટેક ગાડાજન કહે અમે ઘરથી કહેવાઇએ, દૂધ પાઇ મીંદડાંને પાળે; મોડું થાય ત્યારે મોકળુ મૂકે, પછી ઉંદરનો ડાટ વાળેરે મ. ૧ ચાર પાંચ બેસો આંગણે દુજે, છોકરાનાં પેટડાં બાળે; આડોશી પાડોશી છાસ લેવા આવે ત્યારે વાલા સગાનો શોક પાળેરે મન. ૨ ખોટી દાનત તેથી ખાવા મળે નહીં, દીકરાનું ઘરેણું ગાળે; સાસરે જાયને પૂછે ત્યારે એનાં માવતરનૂ મોં વાળેરે મન. ૩ સોનૂ સોંઘે ને રૂપુ સોંઘે, કથીરને શું ગાળે; ભોજો ભગત કહે ફાંસાફુટને, પીતળ શું ઉજાળેરે. મન. ૪

ચાબખો ૧૩

મૂરખે નાર કુમારજા આણી, એનું ઘર કર્યું ધુળધાણી—ટેક પાંચ માણાંની લાપશી ભરડી, મણની ભુરૂ ઘાણી; ઘીના ગોળીઆ ઢોળી નાખ્યા, દુધમાં રેડયું પાણીરે મ. ૧ વાર પરગે નહાવા કરેને, કજો કરે જાણી જાણી; છોકરાને માથે છમકા કરેને, ચુટીઆ લે તાણી તાણીરે મુ. ૨ ખરે બપોરે રસોઇ નિપજાવે, રૂઠે જોતી પાણી; છોકરાંને મારી સુવાડે, પછી જાય હાલારવા રાત જાણીરે. મુ. ૩ હાદુ સીધુ કંથ આગળ જોશે, અરે જ્યારે ભૂખ તાણી, સાંજ પડે ઘેર પોટલાને આવે, ઉપર જોતાં રીસાણીરે. મુ. ૪ પડીઆં પાડી આંખ આંજીને આથડે, સાસરે પીયર ન સમાણી; ભોજો ભગત કહે ગુરૂ પ્રતાપે, ઉતરેલ નાર શીદ આણીરે. મુ. ૪

ચાબખો ૧૪.

એવું દુ:ખ જગતમાં ભાળીરે, પરણીનાર પિયર પાછી વળી; કાઢ્યાં કસનું ત્યાં કાંબીને વળગે, પીંછીયા લેવરાવે મોં વાળી; ચણીઓ શીવડાવુ ભાં સાડલો માગે કાપડુ કરાવે કજીયારીરે. ૧ ધારી ન થાય તો કરે ધીંગાણાં,

" વિના તરીયા નરનું, તનડું નાંખે પ્રજાળી;
૨ નાગકને એ ચારઆગી, પેટડાં નાખે બાળી; ખાવું ખાવું કરતાં ખસવા દે નહિ, જાતા રાખે ઝાલીરે એવું. ૩ એક કહે મને ગરીઆ અપાવે, એક કહે મને ઝારી; ભુતડાંની પેઠે વળગે ભેગાં થઇને, ખરચ કરાવ ખાલીરે. એવું. ૪ ચેતે નહી તો સુખ ન પામે, પડે પેટમાં નાંખવી પાળી. ભોજો ભગત કહે હરિ ભજવા ન દે તેને ઘરમાં રાખે કોણ ઘાલીરે. એવું.૫

ચાબખો ૧૫.

ભકિત શુરવીરની સાચીરે લીધા પછી નહીં મેલે પાછી—ટેક મન તણો તેણે મરચો કરીને, વહીઆ વિશ્વાસી; મન તણો કરોધ મદ લોભ તણે, તેણે ગળે દીધી ફાંશીરે. ભ. ૧ શબ્દના ગોળા જ્યારે છુટવા લાગ્યા, ભાગલે રણ ભડ મચી. કાયર હતા તે કંપવા લાગ્યા, એતો ગયા નિશ્ચ નાશીરે. ભ. ૨ સાચા હતા તે સન્મુખ ચડયાને, હરિ સંગે રહ્યા રાચી; પાંચ પચીસથી પરા થયા, એક બ્રહ્મ રહ્યા ભાશીરે, ભ. ૩ કર્મના પાંસલા કાપી નાંખ્યા, ભાઇ ઓળખ્યા અવિનાશી; અષ્ટ સિદ્ધિને ઇચ્છે નહીં, થઇ મુકિત તેના દાસીરે. ભ. ૪ તન મન ધન જેણે તુચ્છ કરી જાણ્યાં, અહોનિશ ઉદાસી; ભોજો ભગત કહે ભડ થયા એતો, વૈકુંઠના વાશીરે. ભ. ૫

ચાબખો ૧૬.

મોજુ કોઇ મરજીવા માણેરે, શીર્શા માટે સોંઘા હરિ જાણે—ટેક રણક્ષેત્રમાં રીડયું થયું, તન વેધ્યું વરેહને બાણે; સત્યને મારગે ચાલીયા તેને વેરી વખાણેરે. મોજુ. ૧ પોતાના દેહનું પેજયું રોપ્યું, કોની મનમાં ભય ન આણે; ધર્મ ધીંગાણે બળી ગયા, તન તુટયા લગી તાણેરે. મોજુ. ૨ પ્રભુની પાસે પાખંડ નહીં ચાલે, તમે ચેતી લેજો ટાણે; કુડીઆ હજો તેને ત્યાં યમ રાજા, ઘાલશે લઇ ઘાણેરે, મોજુ. ૩. ભોજો ભગત કહે ભજન કરીને, નર નીપજ્યા નિરવાણુરે, મોજુ. ૪.

ચાબખો. ૧૭.

જો મન ચડ્યું મોટપને પેટરે. તેણે કરી સાહેબ રહયો છેટે—ટેક, અંતર

કાળપ અજ્ઞાની જીવ, કેમ તરે એતો;
જમ રંગ કાઢયો ટેટરે, મન, ૧ માયાના મદમાં ફૂર ... જે...
બોલ્યું ગટે; હક ન હાલ્યો ને ખાધું હરામનું, બોળ્યુ બાપનું બેટરે, મન, ૨
જોબનમાં તુને જુવંતી વાલીને, ફર્યો રાતડીએ રેટે: ભોજો ભગત કહે ભાવ
વિનાના. તુને ભુધર કેમ ભેટરે, મન, ૩,

ચાબખો. ૧૮.

મનમાં જે કરતાં મોટાયુંરે, એની ઉપડી ગઇ પાયું—ટેક. જ્યારે બાળકનો
જન્મ થયો, વાગીયું વધાયું; જમડા આવીને જીવ લઇ જાશે, એની વાંસે
રવે બાયુંરે, મન, ૧. સેજ સિંહાસન ને ચમર ઢળે, ચોય દશ ફોજુ છાયું;
ઉડી ગયાને ઉજડ થયા, એની ગઢ કોઠાને ખાયુંરે, મન; ૨ ચાકર નોકર
આવીને સલામો ભરતા, કરતા ઠકરાયું; આકડાના તુર જેમ ઊડી ગયા એતો,
વીટાળીએ વાયુંરે. મન; ૩. સદગુરૂ સંતને જેણે સેવ્યા, તેની ધન ધન કમાયું;
ભોજો ભગત કહે વૈકુંઠ પુગ્યા, તે દેતા નગારે ઘાયુંરે, મન; ૪;

ચાબખો ૧૯.

મુરખા જન્મ ગયો તાહરોરે, બાંધ્યો તેં પાપ તણો ભારો—ટેક તા
મ સાંભળતાં નિંદ્રા આવે, હરિ રસ લાગે ખારો; અમૃત રસને અળગો ક
રીને, કર્યો વિષના વેપારોરે. મુરખા; ૧ મોહાંધ થઇને માયા ખરચે,તેમ
સગાં કહે છે સારોરે; સાધુ દેખીને મોઢું સંતાડે, એતો ધુત્રે ગારોરે. મુર
ખા; ૨ હમણા તારો હુકમ ચાલેછે, દેછે સહુનો ગારો; ધરમના દુત જ્યારે
ધકા દેશે, ત્યારે ઉગર્યાનો નથી આરોરે. મુરખા ૩ તલે તલનો હિસાબ
લેશે, મોકમ દેશે મારો; ભોજો ભગત કહે હરિ ભજ્યા વિના, કોઇ નહિ
આવશું આરોરે; ૪

ચાબખો ૨૦.

મનવા રહેની ભજનમાં ભળીરે, આતો વેળા જાય છે વળી.—ટેક
જોબનના દહાડા જતા રહેશે, જે કરમાયું છે કળી; જરા આવે કાંઇ જો
ર નહી ચાલે, પછી વિખાશે પળારે. મ. ૧ સંચ્યું હશે તે સાથે નહીં

. ફરીને વાવરજે હાથે, બાકીનુ જશે વળીરે.
૨ ... ૭ મુળ વિનાનાં, ધર્મ વીચુ જાશે ઢળી; આગળ ખા
ત લેને અભાગીયા, કાંઇક મૂડી લેને મળીરે. ૩ કાળતું, દળતો કારમું ! વશે, દેહ નાંખશે દળી; ભોજો ભગત કહે ધર્મ રહેશે, બીજું સરવે જાશે ટળીરે. મ. ૪

ચાબખો ૨૧.

મુરખો કાલની વાતું કરેરે, માથે કાળનું ચકર ફરે—ટેક, કહે કઇકને નહી કરવું એવું, નિજ કરતો નવ ડરે; વિષય વિકારમાં ફરે વલખતો, પારકા ઘરમાં ગરેરે, મુ૦ ૧ સ્વારથમાં જીવ ચાલે ચોધારો, અસત્ય ઘણું ઓચરે; છળ છેતરને દગાબાજી કરી પારકા ઘરમાં વરેરે; મુ૦ ૨ ધર્મને માર્ગે ટુકડો ન આવે, પાપનાં પગલાં ભરે; સૂગની ગાયા સંઘરી રહેશે કાં વેસ્યા નારીમાં વાવરેરે; મુ૦ ૩ તેથી ચોરાશી સહી કરી જીવ, અલ્પ થઇ અવતરે; ભોજો ભગત કહે ભજન કર્યા વિના, ભુંડે હાલે મરેરે, મુ૦ ૪

ચાબખો ૨૨.

લોભ રહ્યા હ્રદયમાં વશીરે, મુરખને શીખામણ તે કશી—ટેક, સંતની નિંદા સારી લાગે, જીવ તેમાં રહે છે મચી; પરમાર્થથી પાછો ભાગે એતો, ત્યાંથી જાય છે ખશીરે. લો૦ ૧ ધર્મનું કામ કોઈ કહેવા આવે તેના સામો ઉઠે ભશી; રામના નામ વિના બીજું લવે તેની, જીભ કાપવી જોઇએ ઘસી, લો૦ ૨ વખાણ પોતાનાં વહાલાં લાગે, જીવતો, શું બોલે હશી; કોઇકનું રૂડું કાને સાંભળતાં, જાણે લાગી બરછીરે. લો૦ ૩ મોતથી બચવા મથ્યો ઘણું, તોય કાળે લીધો ધશા; ભોજો ભગત કહે ભૂલ થઇને જીવ, બનિયો મુત્રા પછીરે, લો૦ ૪

ચાબખો ૨૩.

ખુટલને મન ખરખરો થાશેરે, જીતી બાજી હાથથી જાસે—ટેક, કોઈ કહ્યું નથી માનતારે પણ, કઇ અતિસે સહેસે ભલા ભલાઇનું કરી લેજો, આ રંગ જાતો રહેસેરે, ખુ૦ ૧ હક નથી હાલતો હરી ભજ્યાવિના કાળ

બળી જાશે; ચોય દશાના એહ ઉપર પછા; વિચાર કરીને વાવ્યા વિના ફળ કયાંથી થાશે;ભોજા ૨. ... સુના નીર ખારે ... મુ૦ ૩

ચાબખો ૨૪.

મનની ફેરવીને ખાળારે મેલી દાઓ જગતના ચાળા—ટેક. અનેક જન્મ થયા અડવડતાં ને કરમ લાગ્યાં કાળા; જીવને તો લઈ જાશો ભાઈ, ઓહવા જમડાં જોરાળારે, મ૦ ૧ ભાલીયું વાળા ભેટશે ત્યાં નહી પહોંચે પાળા, ભાલ વળા કેમ જીતશે તેને તીખી તરવાર વાળારે, મ૦ ૨ તેહ સરીખા ઉતરી ગયા ભાઈ તેના કોઇ ટાળા; ભોજો ભગત કહે ઠીક ઠરાવો, એના અધર ઉચાળારે. મ૦ ૩

ચાબખો ૨૫.

મુરખા મતી ફરી તારીરે, વિઠલને મેલ્યા વિસારી—ટેક, જન્મ થયા પહેલાં જઠરામાં, તું કહેતો પોકારી; ચોર આવ્યા પછી બુદ્ધિ હણાણી, હીરો ગયો હારીરે, મુ૦ ૧ દોલત દેખી જીવ થયો દીવાનો, અવળુ બોલે અહંકારી; મહેર કર્યા વિના પછી થઇશ તું બલે ભીખારીરે. મુ૦ ૨ ભાતના ભોજન તજીને, અખાજનો થયો આહારી; ચોરી છીનાળીને, ... નર્કે નર નારીરે, મુ૦ ૩ સામો થઇ જા સદગુરૂ ચરણે, લેશે તુને ઉગારી; ભોજો ભગત કહે ગુરૂ પ્રતાપે, માન શીખામણ મારીરે, મુ૦ ૪

ચાબખો ૨૬.

દેખો દેહધરી દેવારે, કરી લે સંતોની સેવા—ટેક, સજન હંસના પાર પોહોચાડયા, પારાધી જેવા, કરમના બંધન કાપી નાંખ્યા, ભાઈ અલેક ધણી એવારે. દે૦ ૧ ભુતનું નોતરૂં માની લહી, મુકો હરિ મેવા; વખત જાય છે કરે ન વગલાં લક્ષ્મીવર લેવારે. દેખો૦ ૨ જરણા કરી જાળવજો ભાઇ, પ્રેમ રસ પીવા; ભોજો ભગત કહે ભજજો; રામ ચરણે રહેવારે; દેખો૦ ૩

ચાબખો ૨૭

એતો અમર ફળ વેડયુંતે, ફળી એ પુરવની ખેડયું—ટેક, પાખરી

ધંધ રણુ ખેતર રીડયું; ભલે ધીગાણે ભાલાં ઉડે ઉડે તરવાં-
રોળ્યું રે, એતો ૧ સંસાર સાગર મથી ગરે, માંહી મળે ન સુખ
કયું; તેમાંથી કોઈ પાર ન પામે, જેમ કાગડે કુંભ જળ ડોળ્યું, એતો
૨ સતગુરૂ ચરણુ જેણે સેવ્યા, તેની હરિ કરશે ભેળ્યું;

ચાબખો ૨૮

આછે પંખીડાનો મેળોરે, બનોબનનહી રહે ભેળો; સરવે વાતે સંપ
કરીને, કુસંપ પરો મેલો; હરિ ભજ્યામાં હાસલ છે, એ વિચાર ફેલોરે.
આ છે. ૧ નર તમે હવે નીરભે થવા ગણી, ગદમાં શું ડોલો, હરિ ભજ્યા-
વિણુ હાણુ ઘણી છે, ડાપણ શું ડોળોરે, આ છે. ૨. જન્મ ધર્યો જેણે હરિ
ભજ્યા નહી આખર ઉભેળો; ભોજો ભગત કહે ઊપડી જાશે, પતંગ રંગ
વહેલોરે. આ છે. ૩

ચાબખો ૨૯

જગતમાં સું રહ્યા માલીરે, બરાણી પાપ તણી પાલી—ટેક ભામની
મળી જાણે ભગવાન મળ્યા, એવી અંતરમાં વાલી; કામની કાંઇ તારે કામ
ન આવે, સુખ જાશે ચાલીરે, જ. ૧ અલેક ધણીની ઓળખ પડયા, એ
નહી જાય ખાલી; ભરમે થાકી જીવ ભૂલી ગયો, એને જગડા જાગે
તાલીરે, જ, ૨ પેટ ચોળીને શુળ ઉપજાવ્યું, ને જીવને ઘાત ઘાલી; ભોજો
ભગત કહે ભજન કર્યા વિના, ઠકરાઇ છે ઠાલીરે. જ. ૩

ચાબખો ૩૦

સેજે સુતા જન જાગેરે. મુકિત હરી કને માગો—ટેક આતમ તત્વને
લીઓ ઓળખી, સુત ચરણે લાગો; અનુભવ કરી રામ ઓળખો, તૃષ્ણાને
ત્યાગોરે સેજે. ૧ ચાબખો સદગુરૂ તણો જેને, વેહ ઘણો વાગ્યો; શુદ્ધ
વિચારી સંસારીયામા, ભમણાને ભાગોરે, સેજે, ૨ સતગુરૂની સેવા કરીને,
પેરી લો પ્રેમનો વાઘો; ભોજો ભગત કહે હરિ ભજ્યા વિના, નર ના
નાગોરે. સેજે. ૩

ચાબખો ૩૧

તું જાણી જગતમાં જોઇ શું, રહયો માયામાં મોહી—ટેક ખાધું પીધુ

ને ખેલ કરયા, વળી ઠાલી કરી ઠકરા; તોય ભમણા તારી બો.
સીવ બીમાં. પરીઘ. ૧ રતન અમુલ્ય ગાંડ ગળ્યું છે તે ખુટેલુ
આપ્ય માટે જન્મ તારો એળે ગયો, સ્મરણ કરયું નહી સોમરે. ૨ બા.
ભોગ્યા ભીડમાં, નર નિપજમાં કાંઇ નાય; ભોજો ભગત કહે હરી ભજયા
વિના, કામી ન ગયા કોય તું. ૩

ચાબખો ૩૨.

મુરખને કઇ પેરે સમજાવુંરે નિશ્ચે નરકમાં જાવુ—ટેક સવળું કહે-
તાં અવળું લાગે કહીને મદે થવું; વાદ કરીને વઢવાડ કરે, અમ્રત તજી
વિખ પાવુ રે. મુ૦ ૧ ખાટકી વાડે ઘેટો ચાલ્યો જાય, મહાજન જાણે મૂ-
કાવું અપીય સંવાદો અવળો ચાલે, તેને ઉંધે માથે ટંગાળવુંરે. મુ૦ ૨
સનેપાતનો ચાળો થયો તેને ઝાઝું ઓસડ શું ખાવું; ભોજોભકત કહે પ્ર-
ગટ પારખું પીતળમાં શું તાંવુંરે, મુ૦ ૩

ચાબખો ૩૩.

મુરખો મોહને ઘોડે ચડે, માથે કાળ નગારાં ગરગડે—ટેક હરીજન
હોય તેની હાંસી કરે, જીવ અવળુ બોલી લડે; એકલો હોય ત્યારે બોલ
ગીઓ, નવગ્રહની ગેડે નડેરે, મુ૦ ૧ પરત્રીયા શું પ્રીત કરૂ, એવા મનમાં
ઘાટ ઘડે; ભોગ દેખી જીવ ભરમાયો, જેમ પતંગ દીપકમાં પડેરે;
મુ૦ ૨ ત્રણ અવસ્થા થઇ નરકમા, પછી કાળે લીધો કડે; ભોજો ભકત
કહે ભજન કર્યા વિના જમના જોડા જડેરે મુ૦ ૨

ચાબખો ૩૪.

મન તું હજી શીખામણ માન, એક દીન જાવું છે સમશાન—ટેક
લખ ચોરાશી અવતાર ધરીને ખરી ભોગવી ખાણ; એ તારો અવગુણ ઘ-
ણો છે. હરિ ભજયા વિના હાણરે, મ૦ ૧ ભજન કરો તો ભય મટે, આ
શબ્દ ધરજો કાન; અમર દેવને આરાધી લે સમજી ગુરૂનું સાનરે, મ૦ ૨
સિધિ રીતે ચાલજો ભાઇ. રહેવું પડસે રાન; મુવા પછી નથી મારવું,
વાંસે સમાં કરે સ્નાનરે, મ૦ રાજા પરિક્ષત પામીયો, ભુવનપતિ ભગવાન;

લગી આંબળી, ગોવિંદ કંઈ જાનરે, મ૦ ૪ પ્રેમના પદને પાવું, મેલી દે મનની તાણ; ભોજો ભગત કહે ગુરૂ પ્રતાપે, આંબળી છે, દરવાણુરે મ૦ ૫

ચાબખો ૩૫.

આ સંસાર છે ખારોરે, પ્રભુ તમે પાર ઉતારો—ટેક ભ્રમણા માંહી ભુલ્યો ભમે છે, ધ્રુંપદ કરીને હારગોરે. મથુરાં નગર મહાવજીએ જઈ, મામાને મારો રે આ સં૦ ૧ અમરીખ કારણ અવતરીને, ત્રીલોચન તાર્યો; અહ્યાની સહલા થઈ. તેનો શાપ નિવારયોરે. આ સં૦ ૨ ભવસાગર ભરપુર ભર્યો છે, તે નિશ્ચે છે ખારો; ભોજો ભગત કહે ગુરૂ પ્રતાપે, ઉત્તરશો આરોરે. આ સં૦ ૩

ચાબખો ૩૬.

રાવણનું અધુધ છે પાણીરે બોલે વેણુ અહંકારનાં આણી—ટેક ગોખે બેઠી બોલે મંદોદરી, રાવણની પટરાણી; જેને સમરીએ પાર ઉતરીશું, શીદ લાવ્યો રાણીરે. રાવણ૦ ૧ સાત સોનાનો મૃગ બનાવ્યો, વાત શીતવાનની જાણી; ધનુષ્ય લઈને રામજી દોડયા, તીર મારયું તાણીરે. રાવણ૦ ૨ બાવન બજારને ચોરાશી ચૌટાં, બાર મેઘ ભરે પાણી; અલેક ધરીઆ આવી કરીને, કરી નાખ્યુ ધુળ ધાણીરે, રાવણ૦ ૩ ચૌદ ચોકડીનુ રાજ ચાલ્યું ગયું, કહેવા ન રહયુ કાણી: ભોજો ભકત કહે પ્રભુ ભજીલો, દોહાલો છે દરવાણીરે રાવણ૦ ૪

ચાબખો ૩૭.

આ તન સુખ ઘુમરની એલીરે, જરૂર જવું મમતા માયા મેલી; ખાઓ પીઓ ધન વાપરો, ખુબ મચી ખેલી; માબાપ એના બેસી રહ્યાને, હાલ્યા ગયા એલીરે આ૦ ૧ ઘરની સ્ત્રીએ ધંધો કરયો, એને વાત પુછવા વેલી; સાચુ સધાયું તમે જાંડતા જજો ઓલી માયા કયાં મેલીરે. આ૦ ૨ આ ઘરમાથી તારા ઉભરાઈ જાસે, એની વાર કરજો વેલી; ભોજો ભગત કહે પ્રભુ ભજ્યા વિના, રસ જાસે રેલીરે, આ૦ ૩

ચાબખો ૩૮

મનતો કરે છે મદાતુરે, હરીનું ભજન નથી થાતું--ટેક પાંચ રંગ રચાયું, રંગે રાતું માતું; જગનારો કોઈ જીવશે નહી એતો કાલે રહેતુરે. મન. ૧ નીધા સરૂપી નદી બનાવી નીત તેમાં નાતું એગાંતો કાંઈ નહીં વળે. હજી નકી કાતુરે. મન. ૨ ધંધામાં મુરખો ધ્યાન ધરેછે, ને ધર્મ નથી થાતું; આગળ જીવ આંસુડા ઝેરશે, ભેળુ નથી ભાતુરે. મન. ૩ ચોનથી થદશે જીવ ચંચળ ફરેછે, ઝસીને જાતુ ભોજો ભગત કહે ગુરૂ પ્રતાપે, એની આગળછે વાંતુરે. મન. ૪

પદ ૩૯

ગરરભમાં ગુણ ગોવીંદના ગાતો નિરંતર લેને નામ; ઉદરસાંથી અવતર્યોને હવે, કુડા કરે છે કામ; આતમ ઘાની આપનું ઓળ્યુરે, રતન લઈ રાખમાં રોળ્યું ૧ આવ્યોતો ત્યારે શી રિદ્ધિ લાવ્યો જાઈશ પાછો વળી જોય; હું ને મરૂ તરી હરીને બેઠો, ખરી કમાણી ખોય; ફોગટ મન શું રહ્યો છે ફુલીરે, ગયા દુબજયામાં ફુલી. ૨ મારૂ તારૂ તમે માં કરો પ્રાણી, માં કરો તાણુમ તાણું; કુટુંબ ગળી જો કુટવા લાગ્યુ. દેહી જાશે સમશાણ; માટી ભેગી માટી ભળશે, કરવાં ભોગવવાં પડશે. ૩ નામ ધર્યું તે પડશે, રહેવાનું નથી કાંય; ભોજો ભગત કહે બાલો થઈને મુરખ સંમનગાંઠ; એગ કરતાં ગુરૂને શરણે આવેરે, તો ઝપાટો જમનો નાવે. ૪

ત્રીભુવન કૃત ચાબખા

ચાબખો ૪૦

પ્રીતે પ્રેમ ખડગ કર લઈને, ચાલો શુરવીર હરીજન થઈ--ટેક જ્યારે ત્યારે એકવાર અરે. મરવાનું છે સહી; મોજ માણશો તોપણ મરવું, કાયા સુખ જન કહીરે; પ્રી. ૧ ડુંગર જેટલી દોલત હોય પણ, સાથે ન આવે જઈ; આગળ રેતાં માત પિતા સુત. મામા માસી ફઈરે. પ્રીત ૨ જખ મારતા ગયા જુવાનો, મંદાર મેડી ન રહી; કરમીમાં ખપી રાજ્ય કુકર્મ, ઠાલી કુંજેરી થઈરે. પ્રી. ૩ પાપ પોટલો માથે મુકી, ચાલ્યા સાથે લઈ; જગદુનોના ઝેર બંધની, શીક્ષા સુદ્ધાએ સહીરે. પ્રી. ૪ કાંઈ ન માણ્યું કશું ન

શાર નહી; કહે ત્રિભુવન હરીને ભજ્યા, વની ઓળે આયુષ્ય પ્રી ૫

ચાબખો ૪૧

શુરો રહે નહી છાનોરે, પાવૈયાને નહી ચડે પાનો—ટેક ચાલ્યા કરતાં આ સંસારે, તડાગાર તોફાનો; ચાર દિવસના મેમાનો સૌ, બચે નહી બાણાનો. શું. ૧ અમરપટો કોઇએ નહી આણ્યો, આંહી અચળ રહ્યાનો; લક્ષાધિપતિ પણ નથી લાવ્યા પ્રભુ તણો પરવાનો. શું. ૨ હોળી ખડકી માંહી ખાબકે આવ્યા પાડવા ઉધાનો; સુખ પામવા ચાળસુધે અંતે ખાય ઉપાનોરે શું. ૩ જાય જન્મ ગાથા કુટોમાં, મજનીઓ મુરખાનો કહે ત્રીભુવન હરિ જ જે તે,નિરધન તોય ન નાનોરે. શું. ૪

ચાબખો ૪૨.

જીવડો અનીતી અભ્યાસીરે, નાંખે નિજ ગળામાં ફાંસી—ટેક આપ તણું પણ અહિત ઇચ્છે, થાય નરકવાસી; એળે આયુષ્ય ગુમાવે, ખુવે દેહ ખાશી; જીવ. ૧ પાપ કરી કરી પેટ ભરેને, ભજે ન અવીનાશી; લખ ચોરાશીમાં ફરવું, તે ભૂલ નહીં ભાસીરે જીવ. ૨ નારી નાણા માંહી ..., ઉર રહે ઉદાસી; કજીઆથી કાયર નહીં થાયે, કેવળ કંકાશીરે. ... ૩ દાવો લઇને પડે કુવામાં, હાથે કરે હાંશી; બળતી ચેહમાં પડી બરાડે, નહી શકે નાશીરે. જીવ. ૪ નીતિ રાખી ભજે નાથને, તજે સંગ રાશી; કહે ત્રીભૂવન તે જીવડો તો, ટાળે જમ ફાંસીરે. જીવ. ૫

ચાબખો ૪૩.

રહેશે સગાં કુટંબી રોતાંરે, જાવું જમને હાથે જોતાં—ટેક. ચાર દીવસમાં જવું સમુળું, જાણે જન્મ્યાં નોતાં; આણાંને પરીઆણાં સઘળાં, પંડ પડે પોતાંરે. રહે. ૧ ગાંઠ તણી કાંઈ મુડી ગુમાવી, ગરજે ખાતાં ગોથાં; વેદ તણાં જરી ભેદ ન સમજે, પાખંડનાં ભણે પોથાંરે. રહે. ૨ કામ ક્રોધનો કેદ કરીને, રાતાં માતાં હોતાં; મદમાં મરડતાં ચાલીને, ખાલી આયુષ્ય ખોતાંરે, રહે. ૩ કહે ત્રીભૂવન સંત પ્રતાપે, સાહેબ સામું જોતાં; આનંદ ઘેન ચડ્યું રહે અહોનીશ, પ્રભુમાં જીવ પરોતાંરે. ૪

ચાબખો ૪૪.

[illegible] કરી બાઇરે. ભાવે ભગવત ભજો સદાઇ—ટેક. કુડ [illegible] કરમાં પાપ કમાઇ; કુકર્મે દુખ ન પી બમ દેશું, મુકી હર. [illegible] વૃત્તિ. ૧ ઇરશા નિત્ય કરીશે અગ્રશ, કર દુર ક્રોધ કસાઇ; કામ [illegible]નો કેડો વછોડો, કરીશે શ્યામ સગાઇરે. વૃત્તિ, ૨ મોટપ મણીધર કેસ સુખમાં, ઘેલા ન રહે ઘેલાઇ; ભવસાગરમાં ઝોલાં ખાતો, જન્મ કર જરી જશાઇરે. વૃત્તિ ૩ છોડી જવું જવું શમશાને, લેને હરી ગુણ ગાઇ; ત્રીભુવન હરીજન હેત ગણીને, ભકતથી રાખ ભલાઇરે. વૃત્તિ. ૪

ચાબખો ૪૫.

માથે મોત નોબત ગરગડી, મુરખની આંખ નહી ઉઘડી—ટેક. હર મીમાં ખપી કરે કુકર્મો, શરૂ થાય લડી; બકવા કરતો ફરે, ગાવા ગાજમ ચડીરે માથે. ૧ મોટપ ધરી ચાલે મરડાતો, ડોળે પંચમાં પડી; સાચાં ખોટાં તુતો ચલવે, બતાવે અક્કલ બડીરે. માથે. ૨ જતન કરે પૈસાનું ઝાઝું, કરે ન પુન્ય દમડી; ખોટી મોટાઇમાં ખરચે, સગરે ન રામ ઘડીરે દારા દામ તણી વાતોમાં, જાય કાઢતો હડી; તમામ ખટપટ [illegible] રામ ન જ, ત્રીભુવન કહું છુ લડીરે. માથે. ૪

ચાબખો ૪૬

શઠને કેમ સુઝે સુગતીરે. એને પામવા અધમ ગતી—ટેક. બ્રહ્મા વિષ્ણુ શિવ જનક વીદેહી, શુક સનકાદીક જતી; સાક્ષાત ઉપદેશ દે આવી તોય ન અસર થતીરે. શઠ. ૧ સત વચન વિશ સરખા લાગે, જ્ઞાન ધ્યાન મતી; કામ કરોધને દામ સોધમાં, લે ન રામ બોધ રતીરે. શઠ. ૨ [illegible] નર્ક વાસમાં, સુખ માંખણ ગણતી; અંગપતંગ દીપકમાં હોમે, જુઓ મુરખની મતીરે. શઠ. ૩ રાસભ રાખ વિશે આળોટે, મહાપી શાદવ સહી; નાવું નિર્મળ નદીના જળમાં, તને ગમે નહી રતી. શઠ. ૪ ગૈરતન વળગી દુધ ગ્રહે નહી, ઇતડી રૂધીર પીતી; ત્રિભુવન મનુષ્યા દેહ મળ્યો પણ, કરી ન હરી પ્રીતીરે. શઠ ૫

ચાબખો ૪૭

જેનાં ... ચાંના મુખડારે તેને સમાન દુખડાં—ટેક.

. મેનાં પોપટ,તાંઈદિન બગ કુકડાં;કોય દિન કોટી કિંકર પાસે, રે ફરકે હુંકડારે; જેનાં૧ કોય દિન શ્રેષ્ઠ મળેછે સુખડા;કે ાઇદીન શીત દુકડા કોય દિન પુષ્કળ પૈસા પાસે, કોય દિન એક દુકડારે. જેનાં. ૨ કોય દિન કંચનનં લોટાકરમાં;કોય દિન ફુટા તુંબડાં; કોઇ દિન બંગલા મળે બેસવા, કોય દિન છીર્ણુ ઝુંપડારે. જેનાં ૩ કોય દિન વસ્ત્ર વિનાના ફરતા, કોય દિન કસબી લુગડા;કહે ત્રિભુવન રહે સંતોષી,એહ નશીબ ઉઘડ્યાં. જેનાં.૪

ચાબખો ૪૮.

આવો આવો લઇએ લાવોરે, મહેનત નથી ભજવામાં માવો. ફોકટ જગતમાં ફાંફાં મારો, ફંદ કરે નહીં ફાવો; રસ ભરી હરિ શેરડીને મુકી, શીદને છોતા ચાવોરે. આવો ૧. નારીના ગુણ ગાન કરો કેમ, ગમે ન ગોવિંદ ગાવો; રમત થવા માતાના પયથી, અજા ગળે શીદ ધાવોરે. આવો ૨. જેહ ભજે તેનો છે ભગવત, નથી કોઇનો દાવો; એમ જાણીને ત્રિભુવન જગમાં, હરિ રસ પીવો પાવોરે. આવો ૩.

ચાબખો ૪૯.

. હરિ ભજનથી ખસોરે પારસ પથ્થર ઉપર ધસ્યો—ટેક. બાળબચ્ચાં .રીને દેખી, હીજડા પેઠે હસ્યો; ખરી વાતમાં ખોટ જણાશે, જાણીશ ફું- માં ફસ્યોરે. ખુ. ૧. મુકિત પામીશ કેમ મૂરખા, મન માયા મદ ડસ્યો; ન રાત તું ફરે ડોલતો જાણે મણીધર રસ્યો. ખુ. ૨ મળી મનુષ્યા દેહ .સા નહીં, કેમ વિચાર કસ્યો; કહે ત્રિભુવન સંત પ્રતાપે જોઇએ, રગ રગ મ વસ્યોરે. ખુ. ૩.

ચાબખો ૫૦.

ખાંતે રાગ ધણી બોલ્જેરે, ફરી જમ કેરી ફોજે—ટેક. હાથે કરીને હેડમાં પડીને, શીદ ઉપાડો બોજે; મનુષ્ય દેહ મળ્યો છે મોંઘો, માણો હરિથી મોજેરે. ખાંતે ૧. જાણી જબરો રોગ આસ્વાદવજ, સંસાર રૂપ સોજે; ધરિ

...ારે ચિત્તમાં, સાવધાન થઇ રહેજો.

...ાશક, જાગૃત થઇને જો; કામ ક્રોધ મદ લો... ...જો, ૩
નર્ક હાજેરે. ખાંતે. ૩. કામધેનુ વિધાને ફળવી, ડહાપણ દુધ દોજો; ધ.
વક્ષ થઇ ઘટ રામ રણીને, રાંક થઇ નવ રોજોરે. ખાંતે. ૪. શુદ્ધ કરે
નહીં સરોવર. ઠરે ન ભળ હોજો; ત્રિભુવન કહે ભક્તિ નદી જળથી, જન
મન મેલું ધોજો. ખાંતે. ૫.

ચાબખો ૫૧.

બે ઘડી કરો જ્ઞાન વાતોરે, અસ્થીર કાયા છે આતો—ટેક બળ
બળાની રહે ન બડાયુ; કાળ બાધાને ખાતો; જોતા જોતામાં જાવુ છે, તોય
નથી મદ માતોરે. બે. ઘડી ૧ કોડી કોડી રોજ કરડતાં, કાળ કમળ ન કાતો
ભલા ભુંડાને લેછે ભરખી, નથી રાખતો નાતોરે. બે ઘડી. ૨ બાજી ખોટી
બધા જગતની. ખોટો ખેલ દેખાતો માત તાત સુંદરી સરવે, ખોટાં ભગતની
બાતોરે. બે ઘડી ૩ જરા વારમાં જીવ ઝડપશે જગતો; રામ ભજન વિણ
અંતર થાતા, અંત સમે ઉત્પાતોરે. બે ઘડી તજી મલીન માયા સગજગો
કે, જ્ઞાની એજ ગણનો. જન્મ થતાં જેજે બાગી છુટે મણીધર એહી
મનમાંતોરે બે ૫ મન પતંગ અજ્ઞાન વિટાળે. આમ તેમ અથડાત
સાંત પવનથી ત્રિભુવન, ઘણા ગગન ચડી જોતોરે. બે ૬

ચાબખો. ૫૨.

રામ રૂપ સુખ કરજડી બુટીરે, પીઓજી સંતોષ પ્રેમ રસમાં ઘુંટી
મોક્ષ થવાનો એ ઉપાય, એવણ નથી એકે; વેદ પુરાણ તે છે એમજ
કરો વિચાર વિવેકરે, રામ ૧ મોઘામાં મોઘી એ વસ્તુ, નાણે નહી મળે
સતસંગેથા સહજ મળે છે, તનમાં ટાઢક વળેરે, રામ ૨ હીરા માણેકથી
પણ મોંઘી, કરોડ ગણી કીમતી; થીર કાપી ધરીએ કદી સામુ તોય તુલ-
ના થતી રામ ૩ રંગ રંગા આનંદ રહે પસરી, શોક જતો સટકી; ત્રિભ-
વન અંત શુદ્ધ થઇ જતું, જતો ન જીવ ફટકીરે રામ ૪

સમાપ્ત.

ચાળ્ઞ..

[illegible]તો ભાપરા ધણી ઝુંડારે, મેલા અંતર..

.. નાગે, વળી ખેતર કુંડા, જેની પાસે બાવ [illegible].

[illegible] ઝુંડારે. ભ. ૧ ત્રાબિયા સારૂ ત્રાગુ કરેને વળી, કામ કા ધન ધુતવા ફેરો ફેરામાં ફરે જેમ મુલકમાં ઝુંડારે. ભ. ૩. ગામ ગામ ચાકરી કરે [illegible] ઘેર રાખે અન કુડાં; ભોજો ભગત કહે કર્મની કાઠી [illegible] ઝુંડારે. ભ. ૩.

ચાબખો ૫.

જોઈલો જગતમાં બાવારે, ધર્યા ભેખ ધુતીને ખાવા. ટેક. જ્યાં પ્રેમદા પાણી ભરે, ત્યાં જાય નિતનિત નહાવા; રાંટી છાંડી નરનો નાર ઘેર બે ત્યારે બાવાજી બેસે ગાવારે, ૧. લોકના છોકરાને તેડી રમાડે. વળી પરા પ્રીત થાવા; ગ્રહસ્થની સ્ત્રી રીસાઈ જાય ત્યારે, બાવાજી જાય મનાવારે. ૨ ધુપ કરે ને ભાવે ધ્યાન ધરે, ભોળા લોકને ભરમાવા; ભોજો ભગત કહે બાવેશુ શેરે એને, જમપુરીએ જાવારે. ૩.

ચાબખો ૬.

ભરમાવી દુનીયા ભોળીરે, બાવો ચાલ્યો ભભુતી ચોળી. ટેક. [illegible] ધાગાને વળી ચીઠી કરીને, આપે ગુણકારી ગોળી; જીવરે હણતાં [illegible] ન આણે જેમ બીલ કાફર કોળીરે. ભ. ૧. નિત નિત દરશનનિમ [illegible] ઘેર આવે ત્રિયા ટોળી; માઈ માઈ કરીને બાવો બોલાવે હૈયે કામની હોળી; સઘળા શીષ્ય ભેળા કરી ખાઈ ખીર ખાંડને પોળી; ભોજો ભગત કહે ભવસાગરમાં, [illegible] બોળીરે. ભ ૩.

ચાબખો ૭.

સુરખો રળી રળી કમાણોરે માથે મેલશે મોટા પાણો. ટેક. ખાંઈ ધુતીને ધન ભેળુ કીધુ, ને કોટી ધ્વજ કહેવાણો; પુન્યને નામે પાઈ ન વાપરયો, આખરથી લુટાણોરે. સુર. ૧ ભર્યાં કોઠાર તારા ધર્યા રહેશે, ન આવે એક સંગે દાણો; મસાણની રાખમાં રોળાઈ, ગયા કૈક કાણુ રંકને રાણોરે.

જગતના ચાબખા

ચાબખો ૧.

પ્રાણીઆ ભજી લેને કિરતાર, આતો સ્વપ્નુ છે સંસાર. ટેક,
દોલતને માલ ખજાનો, પુત્ર અને પરિવાર; તે તો તજી તમે જાશો એકલા
ઘ જમના મારરે. પ્રા. ૧. ઉંચી મેડીને અંજપ ઝરૂખા, ગોખ તણા નહી
છત્રપતિતો ચાલ્યા ગયા, તેનાં બાંધ્યા રહ્યાછે ઘરબારરે. પ્રા. ૨
. ફુલડાં ફરફરેને હુંડે બીફુળ ચાર, ઠીક કરી એને હાહડીમાં બાલ્પોપણી
ફુડે પડે પોકારરે પ્રાં. ૩ સેજ તળાઇ વિના સૂતો નહી તે કરતો ફુનર, ફનારફ
ખોરી ખોરી તને બાળશે જેમ લોઢું ગાળે લુહારરે. પ્રા ૪. સ્મશાન જઇને
ચેહ ખડકી ઉપર કાષ્ટનો ભાર, અગ્ની મુકીને આગા રહેશો, અંગે ઝરે
અંગારરે પ્રા. ૫ સ્નાન કરવા સૌ ચાલીઆ, મળી નર સઘળાને નાર; ભોજો
ભગત કહે દશ દહાડા રોઇને, વળતી મુકયો વિસારરે. પ્રા. ૬.

ચાબખો ૨.

જીવને શ્વાસતણી સગાઇ, ઘરમા ઘડી ન રાખે ભાઇ. બાપ કહે છે
બેટો અમારો, માતા મગળી ગાઇ; બેની કહેછે બાંધવ અમારે, ભીડ પડે ત્યારે
ભાઇરે જી, ૧. લીપ્યું ગુંપ્યું આંગણુંતે, કાઢયા વેગા થઇ; અડશો માં તમે
અભડાશો એમ લોક કરે ચતુરાઇરે. જી. ૨. ઘરની નારી ઘડીન મુકે, અને
બાગગી રહી; ભોજો ભગત કહે કંથ પગાંરી તરત બીજાને ગઇરે. જી ૩

ચાબખો ૩.

દેશિ સંગતણી લાવીરે, ભેગાં ફરે બાવાને બાવી; ટેક. મોટાં કપાળે
ટીલાં કરે વળી ટોપી પટકાવી; કંયો ને ખલતો ગાળા ગળામાં, કાંને મુદ્રા
લટકાવીરે, દે ૧. સંત સેવામાં સુખ ઘણું ને કરે સેવા મન ભાવી; તન
મન ધન સોપે એ સંતને પ્રીતીઓ લગાવીરે. દે. ૨. એવું એવુ જ્ઞાન દિઓ,
બહુ હેતે બોલાવી; ભોજો ભગત કહે લખ્યા ચાહુમાં, બેએ ભ[illegible]વીરેદે. ૩.